# હુતાશની પૂર્ણિમા : સદાચરણ-સદવર્તન, સતવ્યવહારનું વ્રત

ધર્મ દર્શન

બાળકૃષ્ણ વડનેરે

ભારતીય દેવદેવી, ઉત્સવો અને તહેવારો માટે બહુ સરસ કારણો અને ઉત્તમ કથાઓ છે. તેથી જ સંતો, મહંતો અને વિદ્વાનો આપણા ઉત્સવો અને તહેવારો રંગેચંગે ઉજવવાનો ઉપદેશ કરતા હોય છે. કારણ એ ઉજવણીથી જ સનાતન ધર્મનું તેજ પ્રગટ થાય છે. સંસ્કૃતિ જીવંત રહે છે.

હોળી, હોલિકા, હુતાશની પૂનમ પણ શાલિવાહન શકનો ફાગણ માસનો અંતિમ પવિત્ર પાવન તહેવાર છે. જેની સામૂહિક રીતે લોકો શેરીના નાકે ઉજવણી કરતા દેખાય છે. પણ એમાં જે અશ્લીલતાનો ભાગ છે તે યોગ્ય નથી. એકબીજાના મા- બહેનને ઉદ્દેશીને ગાળ બોલવાની કે અર્વાચ્ય સંવાદ કરે એ સમાજને કલંકરૂપ લાગે છે. ઘણી જગ્યાએ લોકો એક મહોલ્લાથી બીજા મહોલ્લામાં જઈને મારા-મારી કે અન્ય તોફાની કૃત્યો કરે છે. એ દૂષણ છે. હોળાષ્ટકમાં જપ મહત્ત્વનાં છે.

હોલિકાપૂજન એ એક પવિત્ર વિધિ છે. અને એ દિવસે જ ભગવાન કૃષ્ણે બાળકૃષ્ણને મારવા આવેલી પૂતના રાક્ષસીનો વધ કર્યો હતો. ભગવાન શિવજીની તપશ્ચર્યામાં ખલેલ કરવા આવેલા કામદેવ મદનને શિવજીએ ત્રીજું નેત્ર ખોલીને ભસ્મ કરી નાખ્યો હતો. આજે પણ દક્ષિણ ભારતમાં સમાજ મદનદહનનો ઉત્સવ ઉજવે છે અને હોળીરૂપે મદનને ભસ્મ કરી નાંખે છે. દાનવરાજ હિરણ્યકશ્યપુની બહેન હુંડા રાક્ષસી જેને વરદાન હતું કે કોઈ સારા કામ માટે તે અગ્નિમાં જાય તો અગ્નિનો ભય ન લાગે તે સલામત રહે. હિરણ્યકશ્યપુનો પુત્ર પ્રહ્લાદ વિષ્ણુ નારાયણ દેવનો એકનિષ્ઠ ભક્ત હતો અને એના પિતા નારાયણ દેવના સખત વિરોધી હતા. પુત્ર પ્રહ્લાદનો નાશ કરવા માટે હિરણ્યકશ્યપુએ પોતાની બહેન હુંડા રાક્ષસીની મદદ લીધી. હોળી પૂનમની સાંજે હુંડા રાક્ષસીના ખોળામાં પ્રહ્લાદને બેસાડી બન્નેને પ્રચંડ મોટી હોળીમાં (અગ્નિકુંડમાં) બેસાડી સળગાવી દીધી પણ શ્રી વિષ્ણુ નારાયણની કૃપા-સામર્થ્યથી હોળીમાં હુંડા રાક્ષસીભસ્મ થઈ અને પ્રહ્લાદ સુરક્ષિત રહ્યો કારણ રાક્ષસીનું



અગ્નિમાં જવાનું કામ અયોગ્ય હતું. અગ્નિ પણ પંચમહાભૂતોમાં એક પ્રબળ અંગ છે. માણસને પ્રાપ્ત સુંદર દેહ જ્યારે વૃધ્ધ અને અસ્વસ્થ બને છે, અશક્ત અને નિરપોયોગી બને છે ત્યારે અગ્નિ જ એને ભસ્મ કરે છે અને તે આત્માને ફરીથી નવો સુંદર દેહ મળે છે. એ અગ્નિ નારાયણની જ કૃપા કહેવાય છે અને આ શાશ્વત તત્ત્વજ્ઞાન બધા જ પંથોની તત્ત્વપ્રણાલિકામાં જોવા મળે છે એટલે જ હોલિકાદહન ઉચ્ચ કોટિની તત્ત્વપ્રણાલી છે. એટલે ઈહપારલૌકિક, ભૌતિક, આધ્યાત્મિક, પ્રગતિ, ક્રાંતિ, ઉન્નતિ, ઉત્ક્રાંતિ અને જાગૃતિ અગ્નિનારાયણના પવિત્ર કાર્યની સાક્ષી આપનારો આ આપણો હોળીપૂનમનો ઉત્સવ છે. તે ઉદાત્ત ભાવથી ઉજવવો જોઈએ.

આ તહેવારના અનુસંધાનમાં ઘરની વર્ષો જૂનીપુરાણી જે કંઈ સાધનસામગ્રી અડચણરૂપે હોય તો એનું ઉચ્ચાટન કરવું ઈષ્ટ છે. સમાજને ઘાતક, અનિષ્ટ પ્રથા-પરંપરાનું પણ ઉચ્ચાટન કરવું આ તહેવાર કહે છે. માનવજીવનને નષ્ટ કરનારાં વ્યસનો, મલિચ્છ, પીડાદાયક ટેવો મૂળમાંથી ભસ્મ કરવાનો ઉપદેશ હોળી માતાનો તહેવાર ગર્જના કરીને કહે છે. હોલિકાત્સવને યાદ રાખીને માણસ જો પોતાના શારીરિક, માનસિક કુટેવો અને અપરાધિક દુષ્કૃત્યોનો ત્યાગ કરશે તો અભિનવ ભારતના નાગરિકો આ જન્મ વૈભવ, આદર્શ અને જગતમાન્ય થઈ જશે. અખબારી ટકાવારી જોતા અપરાધો વધી રહ્યા છે. આપણી જ માતા-બહેનોનું શોષણ થઈ રહ્યું છે અને દેશની સંપત્તિનો વિનાશ થઈ રહ્યો છે. આર્થિક કૌભાંડો, ભ્રષ્ટાચાર જેવી ઘટનાઓથી દેશની

> **હુતાશની પૂનમ અગ્નિનારાયણનું પ્રગટ પ્રતીક છે. સમાજના કુરિવાજો, માણસની કુટેવો, શારીરિક, માનસિક, સાંસારિક, સામાજિક, ઘાતક કુરિવાજો અને ઘાતક વ્યસનોને ભસ્મસાત કરનાર અગ્નિકુંડ એટલે હોલિકા માતા**

બદનામી થઈ રહી છે.

હુતાશની પૂનમ અગ્નિનારાયણનું પ્રગટ પ્રતીક છે. સમાજના કુરિવાજો, માણસની કુટેવો, શારીરિક, માનસિક, સાંસારિક, સામાજિક, ઘાતક કુરિવાજો અને ઘાતક વ્યસનોને ભસ્મસાત કરનાર અગ્નિકુંડ એટલે હોલિકા માતા છે.

એરંડના વૃક્ષની એક શાખા જે ઔષધિ છે તેને વચ્ચે રાખીને ગોળાકાર છાણાં મૂકવા અને લગભગ 4 ફૂટ ઊંચી હોળી સજાવવી. બ્રાહ્મણ દ્વારા પૂજન કરીને સાંજે મુહૂર્ત જોઈને સળગાવવી. હોળીની જ્વાળાઓ સર્વત્ર પ્રકાશ પાથરશે. ઉપર આકાશમાં પૂર્ણ ચંદ્રમા ઊગશે તેનો શીતળ પ્રકાશ ફેલાશે તેમ જ તમારા મનને પ્રકાશિત કરીને હોળીમાતાની સાક્ષીએ જો કોઈ કુટેવ છોડી દઈએ એવો સંકલ્પ પ્રગટ કરવો એટલે તમે શુધ્ધાચારી બની જ જશો. હોળી આ માધ્યમથી શુધ્ધ, સાત્ત્વિક બનવાની તક આપે છે. જય અગ્નિ નારાયણ નમઃ

---

પંચામૃત

નીલાક્ષી પરીખ

આપણાં શાસ્ત્રોનાં આપણાં પર કેટલાં ઉપકાર છે! પૂ.ગુરુદેવ કહે- 'રામાણય જીવતાં શીખવાડે તો ભાગવત મરતાં શીખવાડે!' રામાણય કહે- આ પ્રમાણે જીવવું જેથી જીવન સાર્થક બને. ભાગવતથી મૃત્યુને મહોત્સવ કેવી રીતે બનાવાય તેનાં ફંડા મળે. પૂ. ગુરુદેવ રામાયણની કથામાં સુંદર જીવનોપયોગી સૂત્ર આપે કે- શુભ કાર્યમાં કાલ નહીં શુભ કાર્ય કરવાનો વિચાર આવે તો તરત કરી લેવું. શુભ કાર્ય કાલે કરીશું એમ નહીં, વિચાર આવ્યા ભેગું અમલીકરણ કરી લેવું હિતાવહ છે. બહેનો સુંદર ભજન ગાય છે કે ''આજનો લહાવો લીજિયે રે કાલ કોણે દીઠી છે?'' યાદ રહે કે દશરથ રાજાએ નિર્ણય કર્યો કે, કાર્ય દશરથજીએ કાલ પર ટાળી દીધું! અને ચિત્ર બદલાઈ ગયું! એ કાલ દશરથજીના જીવનમાં ક્યારેય આવી જ નહીં. એમનો સંકલ્પ ક્યારેય ચરિતાર્થ ન થયો. એટલા માટે ''શુભસ્થ શીઘ્રમ'' શુભ કાર્યને કાલ પર ટાળશો નહીં. સારા કાર્યને આજના બદલે કાલ ઉપર ટાળીને આપણે સંસારની મંથરાઓને મોકો આપીએ છીએ. સામે ચાલીને આપણા આ કામને બગાડવાની તક મંથરાઓને આપીએ છીએ. ક્યારેક એવું પણ બને કે સારું કામ કરવાનો એ આવેશ ઠંડો પડી જાય અને આપણે ન કરી શકીએ. તક ગુમાવી બેસીએ છીએ. માટે જ કબીર કહે છે- ''કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ, પલ




આજે નહીં, કાલે રામનું' રાજતિલક કરીશ. રાજા દશરથે જોયું કે હવે રામને રાજા બનાવવું યોગ્ય છે. અયોધ્યાની જનતા, અમાત્ય સંસ્થા સ્વયં પણ રામને રાજાના રૂપમાં જોવા ઈચ્છતા હતા. દશરથજી ગુરુદેવ વસિષ્ઠજીની આજ્ઞા લેવા ગયા. ગુરુજીએ પણ સંમતિ આપી દીધી અને કહ્યું કે- 'બેગિ બિલંબ ન કીજિયે'' અને કહ્યું કે રામ રાજા બને એ જ શુભ મૂર્હૂત, પણ આપણે જાણીએ છીએ કે રામ કાલે રાજા થશે એવું વિચારી રાજ્યાભિષેક જેવું શુભ મેં પ્રલય હોયેગી બહુરી કરેગો કબ.'' રાજ્યાભિષેક જેવું શુભકાર્ય દશરથજીએ કાલ પર ટાળી દીધું પરિણામ સામે છે. શું થયું? આ વાત 14 વર્ષ પછી સાકાર થઈ ત્યારે અયોધ્યાવાસીઓના જીવનમાં રામરાજ્ય નીરખવાનું સ્વપ્ન સાકાર થયું, પણ જેમના મનમાં આ સંકલ્પ જાગ્યો હતો તે અવધેશજીના જીવનમાં એ 'કાલ' ક્યારેય આવી જ નહીં. તેમનો સંકલ્પ ક્યારે ચરિતાર્થ ન થયો. પૂ.ગુરુદેવ એક બીજી વાત પણ કરે કે ભગવાનનો પ્રસાદ મળે કે

> **કચ્છમાં જાવ તો અષાઢી-2થી નવું વર્ષ શરૂ થાય. યુરોપ અને અમેરિકામાં 1લી જાન્યુઆરીથી નવું વર્ષ શરૂ થાય. આમ આપણે માનીએ ત્યારે આપણું નવું વર્ષ કાળ અખંડ છે**

તરત જ ખાઈ લેવો. પછી ખાઈશ કરીને રાખી ન મૂકવો. પ્રસાદ અર્થાત કૃપા એને સ્વીકારીને ધન્ય થવું, ખબર નહીં બીજી ક્ષણે આપણે હોઈએ કે ન પણ હોઈએ. સારી તક ગુમાવી બેસીએ. મન બદલાય જાય તે પહેલાં શુભ કાર્યનો લાભ લઈ લો. એક ભજન સાંભળેલું- 'શુભ કરમ મેં ન દેરી કરો. ક્યો? ક્યોકિ સાંસોકા ભરોસા નહીં'' જિંદગીને સફળ બનાવવાની તક ચૂકશો નહીં. ગંગાસતી તેથી જ પાનબાઈને કહે છે- ''વીજળી ને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ, અચાનક અંધારા થાશે જી''

મિત્રો તમને યાદ હશે બાળપણની એક રમત. નાના હતા ત્યારે એક રમત રમતા, દડો પાસ કરવાની. સંતો પાસે સાંભળેલું કે દાન પણ વિચાર આવે તો જાતે જ કરી લો. નહીં તો હાથમાં લકવો થાય અને જમણાં હાથમાં લકવો હોય, કામ ન આપે તો સંતાનો જે હાથથી રૂા. કાઢી ન શકાય તે તરફના ખિસામાં રૂા. મૂકી દે જેથી બાપા એમને એમ 'અકબંધ' પાછા લઈ આવે. માટે તકની રાહ ન જુઓ. તેવી જ રીતે રામાણય કહે છે- 'અશુભમાં આજ ન કરો.'' કોઈ અશુભ કાર્ય કરવાનો વિચાર આવે કેમકે માણસ છીએ ક્યારેક સારા - ખોટાં વિચાર આવે, પણ અશુભ વિચાર આવે તો તેનો અમલ આજે ન કરો, કાલ પર ટાળી દો. શુભ કામ તરત કરો, આજે ને આજે કરો તો કલ્યાણ થશે, પણ અશુભને કાલ પર ટાળી દેશો તો અશુભ ક્યારેય થશે જ નહીં અને તમે બચી જશો. કેમ કે કાલ ક્યારેય આવશે નહીં. જુઓ, શનિવાર માટે રવિવાર આવતીકાલ છે પણ રવિવાર થશે તો તેને માટે કાલ છે - સોમવાર - અશુભને કાલ પર ટાળી દેશો તો અશુભથી બચી જશો. કોઈના મનમાં આપઘાત કરવાનો વિચાર આવે તો તેને માટે સૌથી વધારે સારુ મુર્હૂત છે- આવતીકાલનું, નબળી ક્ષણે મરવાની ઈચ્છા થાય કે, ઊંઘવાની ગોળી લઈ લઉં, ઝેર પી લઉં, ફાંસો ખાઈ લઉં, પાટે સૂઈ જાઉં, કૂવામાં પડું. તો આ કાર્યને આજને બદલે કાલ પર ટાળો. રાત વચમાં આવશે શક્ય છે તમે સવારે ઊઠી બ્રશ કરતા હો ને તમારો વિચાર બદલાય જાય. જીવન જીવવા જેવું લાગે. સંસાર છે આવું ચાલ્યા કરે, આત્મહત્યા કરવા જેવું નથી અને તમે ફરી ઉત્સાહથી જીવવા માંડો. તમે જ્યારથી માનો ત્યારથી નવું વર્ષ શરૂ થાય. આપણે બધાં નવા વર્ષને નોખા-નોખા ઉજવીએ છીએ. આપણે કારતક સુદ-1 દિવાળીના બીજા દિવસે 'સાલ મુબારક કહીએ છીએ. કોઈક જગ્યાએ ગુડી પડવો, નવસંવત્સર છે. કચ્છમાં જાવ તો અષાઢી-2થી નવું વર્ષ શરૂ થાય. યુરોપ અને અમેરિકામાં 1લી જાન્યુઆરીથી નવું વર્ષ શરૂ થાય. આમ આપણે માનીએ ત્યારે આપણું નવું વર્ષ કાળ અખંડ છે, પરમાત્માનું સ્વરૂપ છે. એના ટુકડા થઈ શકતા નથી, પણ માણસે પોત-પોતાની રીતે કાળરૂપી પરમાત્માના ચોસલા કર્યા છે. પૂર્વ દિશા ક્યાં શરૂ થાય ને પશ્ચિમ દિશા ક્યાં પૂરી થાય એ તમારા પર આધારિત છે. અશુભમાં આજ નહીં, એક માણસ વિદેશ ગયો. પરિશ્રમ કરતો અને નિયમિત પત્નીને રૂ. મોકલતો. એને વર્ષો પછી પોતાની પત્નીને 'સરપ્રાઈઝ' આપવાની ઈચ્છા થઈ. અચાનક એ આવ્યો એને થયું કે પત્ની મને અચાનક જોઈ ખુશ થઈ જશે. પોતાના ઘર પાસે ગયો ને કોઈ પુરુષનો અવાજ સાંભળ્યો. માણસનું મન શંકાસીલ હોય. એને જાત જાતના વિચાર આવ્યા. પત્નીને મારી જ નાંખુ એવી લાગણી થઈ પણ થયું કે કાલે હત્યાને અંજામ આપીશ. વિચિત્ર લાગણી સાથે પત્નીને મળ્યો. જાણ્યું કે પત્ની જે પુરુષ સાથે વાત કરતી હતી તે એનો જ પુત્ર હતો. ધ્રુજી ઊઠ્યો. સારું થયું કે હત્યા ન કરી નાંખી. ઉતાવળ કરી હોત તો? પસ્તાવાનો વારો આવ્યો હોત. વર્ષો પહેલાં નાનકડા પુત્રને મુકી ગયો હતો તે આજે મોટો યુવાન થઈ ગયો હતો. અશુભને ટાળવું એને માટે કલ્યાણકારી બન્યું. રામાયણના આ સૂત્રને સમજીએ અને જીવનમાં ઉતારીએ.

(ગુરુવર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી) ના સત્સંગને આધારે)